# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


રેફ નં. તા: ૨૧–૦૮ – ૨૦૧૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર ધ્વારા 'વેલ્યુ એડિશન ઈન ટેક્ષ્ટાઈલ્સ' વિશે કોન્ફરન્સ યોજાઈ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર,સુરતના સંયુકત ઉપક્રમે **'વેલ્યુ એડિશન ઈન ટેક્ષ્ટાઈલ્સ'** વિશે એક કોન્ફરન્સનું આયોજન **શનિવાર,તા.૨૧/૦૮/૧૦**ના રોજ **સાંજે ૦૪.૦૦ થી ૦૭.૦૦ કલાક** દરમિયાન **ધી ગેટ વે હોટેલ** માં કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના આરંભમાં ચેમ્બર પ્રમુખ ડો.અજોય ભટ્ટાચાર્યએ આમંત્રિતોનું સ્વાગત કર્યું હતું. સ્વાગત વકતવ્યમાં તેમણે કહયું હતું કે,સુરતની ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીના સર્વાંગી વિકાસ માટે કેવા પગલા લેવા જોઈએ એ વિશે વિચારવાનો સમય આવી ગયો છે.આ ઉદ્યોગના બધાં સેકટરના લોકો એક છત્ર હેઠળ આવીને પ્રયાસો કરે એ જરૂરી છે.આ ઉદ્યોગના વિકાસમાં એમએસએમઈનો મોટો ફાળો છે.એના ઘણાં મુદાઓ ધ્યાન માંગે એવા છે.આ બાબતમાં ચેમ્બર મહત્વની ભુમિકા ભજવવા તત્પર છે.આજે ટેક્ષ્ટાઈલક્ષેત્રમાં વેલ્યૂ એડિશનની જરૂરિયાત છે અને એટલે જ આ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે.

કોન્ફરન્સના ઉદઘાટન સત્રના અતિથિ અને સિડબિના વેસ્ટર્ન ઝોનના શ્રી કે.સી.ભાનુએ તેમના વકતવ્યમાં કહયું હતું કે,ટેક્ષ્ટાઈલમાં એમએસએમઈનો મોટો ફાળો છે અને એને પ્રોત્સાહન આપવાનું કામ અમારૂ છે એટલે આજના સેમિનારમાં એટલું કહી શકીશ કે,વેલ્યૂ એડિશન કરનારા એકમોને સિડબિ તરફથી પુરતું પ્રોત્સાહન મળશે.

અતિથિ વિશેષ તથા રામાનુજ ગૃપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના શ્રી સંજય સુરાનાએ  ટેક્ષ્ટાઈલ ક્ષેત્રમાં વેલ્યૂ એડિશનમાં તેમણે કરેલી પહેલના અનુભવોની વાત કરી હતી તથા એના ફાયદાઓ તથા જરૂરિયાત પર ભાર મુકયો હતો. તેમણે કહયું હતું કે,વેલ્યૂ એડિશન તરીકે એમ્બ્રોઈડરી,ડયુ ડ્રોપ અને ડિજિટલ પ્રિન્ટીગ જેવી પ્રોસેસનો ઉપયોગ કરી શકાય છે.

મુખ્ય મહેમાન અને પ્રતિભા ગૃપ ઓફ કંપનીઝના ચેરમેન શ્રી પ્રમોદ ચૌધરીએ કહયું હતું કે,સુરતના મહત્વના એવા ટેક્ષ્ટાઈલ ઉદ્યોગના સતત વિકાસ માટે એમાં સુધારા વધારા કરતાં રહેવું પડશે.એમ્બ્રોઈડરી ધ્વારા વેલ્યૂ એડિશન થઈ રહયું છે એ ઉપરાંત પણ આગળ વધતાં રહેવું પડશે.એપરલ્સ અને ગારમેન્ટ ક્ષેત્રમાં પણ ઘણી તકો છે.એ ઝડપી લેવાની જરૂર છે.

કોન્ફરન્સના  ટેકનીકલ સેશનના આરંભે ઈન્ડસ્ટ્રીઅલ ગારમેન્ટ મશિનરી પ્રા.લિ.ના શ્રી હરદીપ સિંહે મલ્ટી હેડ હોમ્પ્યુટરાઈન્ડ એમ્બ્રોઈડરી મશિન વિશે પ્રેઝન્ટેશન સાથે વકતવ્ય રજૂ કર્યુ હતું. તેમણે કહયું કે,શરૂઆતમાં એમ્બ્રોઈડરી માત્ર હાથથી થનારી વાત હતી કાળક્રમે તેમાં સુધારા થતાં  ગયા અને આજે આધુનિક મશીનોના આગમન બાદ તો ચિત્ર જ બદલાઈ ગયું છે.

બીજા વકતા અને લેસર ઈન્ડિયા લિ.ના શ્રી અરૂણ ખરબન્દાએ શિફલી એમ્બ્રોઈડરી મશિન વિશે વિસ્તૃત જાણકારી આપતાં કહયું હતું કે,હવે એમ્બ્રોઈડરીનો ઉપયોગ કાપડ ઉપરાંત લેધર, જૂતાં,બેલ્ટ અને પડદામાં પણ થાય છે.લીંજરીમાં પણ એની ઘણી તક છે ત્યારે એમાં પણ ધ્યાન આપવા જેવું છે.

ત્રીજા વકતા અને પ્રોસેસિંગ કન્સલ્ટન્ટ શ્રી પરિમલ વખારિયા એ  ડિજિટલ પ્રિન્ટિંગ,ડયુ ડ્રોપ ફોઈલ પ્રિન્ટિંગ અને સ્મોક પ્રિન્ટિંગ  વિશે વિસ્તૃત માહિતી આપી હતી અને ડિજિટલ પ્રિન્ટીગ એ ટેક્ષ્ટાઈલ ક્ષેત્રમાં આવેલી નવી ક્રાન્તિ છે.તેમાણે આ ક્ષેત્રમાં રહેલી તકોનો ખ્યાલ પણ આપ્યો હતો.

ચોથા વકતા અને ટેક્ષ્ટાઈલ કન્સલ્ટન્ટશ્રી પ્રવિણ વોરાએ હેન્ડ પ્રિન્ટીગ,બ્લોક પ્રિન્ટીગ,સ્ક્રિન પ્રિન્ટીગ, રોલર પ્રિન્ટીગ અને બ્રશ પ્રિન્ટીગ વિશે જાણકારી આપી હતી અને કહયું હતું કે,એ ઉપરાંત ડયુડ્રોપ,લેધર પ્રિન્ટીગ બાદ પણ ક્રશિંગ અને પ્લીટીગથી વેલ્યુ એડિશન થઈ શકે છે.

પ્રશ્નોત્તરી દરમિયાન વકતાઓએ શ્રોતાઓના પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપયા હતાં.

ચેમ્બરના ભુ.પૂ.પ્રમુખશ્રી જય વદન બોડાવાળાએ સમાપન વકતવ્ય રજૂ કરતા આજના કાર્યક્રમની ફલશ્રુતિનો ઉલ્લેખ કરતા કહયું હતું કે આટલી મોટી સંખ્યામાં હાજર  રહેલા બધાંજ ડેલિગેટસ આ ક્ષેત્રના છે એટલે આ ચર્ચા ખૂબ જ ઉપયોગી પુરવાર થશે.

ચેમ્બરના કોન્ફરન્સ ચીફ કોર્ડિનેટર શ્રી બી.એસ.અગ્રવાલે આભારવિધિ આટોપી હતી.